દિવ્ય ભાસ્કર
08/08/2019
ગુરુવાર
પેજ નં - 2

# મેટ્રોના કર્મીઓની આગ બુઝાવવાની ક્ષમતા ચકાસવા મોકડ્રિલ યોજાઈ

અમદાવાદ | મેટ્રો ટ્રેનના એપરલ પાર્ક સ્ટેશનના કોન્કોર એરિયામાં સવારે 9.45 વાગે અચાનક આગ લાગતા ત્યાં હાજર કર્મચારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. જો કે આગ બુઝાવવાની બેઝિક તાલીમ લેનારા ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી)ના કર્મચારીઓએ ફાયર એસ્ટીંગ્યુશર (અગ્નિશમનના સાધન)થી ફાયર બ્રિગેડ આવે તે પહેલા જ આગ બુઝાવી દીધી હતી.

## મેટ્રો સ્ટેશનની અંદર-બહાર આગ લગાવી ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ ચેક કરાઈ, ફાયર બ્રિગેડ આવે તે પહેલાં આગ ઓલવી

જીએમઆરસીના અધિકારીએ જણાવ્યું કે, પેસેન્જરોને હાલાકી ન પડે તે રીતે સવારે મેટ્રો શરૂ થાય તે પહેલા જ આ મોકડ્રિલ યોજાઈ હતી. જેમાં કોન્કોર એરિયામાં આગ લગાડી કર્મચારીઓ અને અધિકારીઓની કાર્યકુશળતા ચેક કરવામાં આવી હતી. જેમાં આગ બુઝાવવાની સાથે બેભાન થયેલા કે ઘાયલ થયેલા કર્મચારીઓને ઝડપથી મેડિકલ સુરક્ષા મળી રહે તેની પણ ચકાસણી કરવામાં આવી હતી.



કોન્કોર એરિયામાં આગ બુઝાવવાની કવાયત પૂર્ણ કર્યા બાદ સ્ટેશનની બાજુમાં આવેલા મેદાનમાં પણ આગ લગાડી મેટ્રોની હાઈપ્રેશર પાણીની સિસ્ટમની ચકાસણી કરાઈ હતી.

### મેટ્રોના દરેક સ્ટેશને ફોલ્ડિંગ સ્ટ્રેચર છે

જીએમઆરસીના અધિકારીએ જણાવ્યું કે; પેસેન્જરોની સુવિધા માટે દરેક સ્ટેશન પર બે વ્હીલચેર અને એક ફોલ્ડિંગ સ્ટ્રેચર રાખવામાં આવ્યા છે. એજરીતે આગ બુઝાવવાની તેમજ ફર્સ્ટ એડની તમામ કર્મચારીઓને બેઝિક તાલીમ પણ આપવામાં આવી છે.